# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/091 Dt. 07/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના ઓફિસ બેરર્સ સહિતના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે લોકસભાની વિઝીટ કરી દેશની લોકશાહી પ્રણાલિને નજીકથી નિહાળી

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે પ્રધાનમંત્રી સંગ્રહાલયની મુલાકાત દ્વારા દેશના તમામ વડાપ્રધાનોના જીવન અને યોગદાન વિષે માહિતી મેળવી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા તથા કો–ચેરમેનો શ્રી ચેતન શેઠ અને શ્રી અમિત શાહ તેમજ ગૃપ ચેરમેનો શ્રી ગિરધરગોપાલ મુંદડા, શ્રી રાજેન્દ્ર લાલવાલા, શ્રી ભરત વાણાવાલા અને શ્રી સંજીવ ગાંધી સહિત ૬૫ સભ્યોના પ્રતિનિધિ મંડળે તા. ૫ અને ૬ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન બે દિવસ માટે નવી દિલ્હી ખાતે સંસદ ભવનની મુલાકાત લઇ દેશની લોકશાહી પ્રણાલીને નજીકથી નિહાળી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ નવી દિલ્હી ખાતે સંસદ ભવનની મુલાકાત માટે ભારતના કેન્દ્રિય જલશકિત મંત્રી શ્રી સી.આર. પાટીલજી, સુરતના સાંસદ શ્રી મુકેશભાઇ દલાલ અને સાંસદ શ્રી ગોવિંદભાઇ ધોળકિયાનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

પ્રથમ દિવસે ચેમ્બરના પ્રતિનિધિ મંડળે પ્રધાનમંત્રી સંગ્રહાલયની મુલાકાત દ્વારા દેશના તમામ વડાપ્રધાનોના જીવન અને યોગદાન વિષે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેઓએ જૂના અને નવા સંસદ ભવનની મુલાકાત દરમિયાન દેશની લોકશાહી પ્રણાલીને નજીકથી નિહાળી હતી. સંસદ ભવન ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ

માંડવીયા, સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ અને ગુજરાતના ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સાથે મુલાકાત કરી તેઓનું માર્ગદર્શન મેળવ્યું હતું.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બીજા દિવસે નવા સંસદ ભવન ખાતે લોકસભાની કાર્યવાહી નિહાળી હતી. જ્યાં ભારતના કેન્દ્રિય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજી, યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ તેમજ ઇન્ફોર્મેશન એન્ડ બ્રોડ કાસ્ટીંગ મંત્રી શ્રી અનુરાગ ઠાકુર, કંગના રણોત, શ્રી અરૂણ ગોવિલ, શ્રી અખિલેશ યાદવ, શ્રી પુરુષોત્તમ રૂપાલાજી, શ્રી શશી થરૂર, શ્રી મનસુખભાઈ માંડવીયા, શ્રી હરિભાઈ પટેલ, સુશ્રી સુપ્રિયા સુલે, અશ્વિની વૈષ્ણવ, શ્રી ઓમ બિરલાજી, શ્રી દિલીપ સૈકિયા, શ્રી જે.પી. નડ્ડાજી, શ્રી જિતેન્દ્ર સિંહ, શ્રી ધર્મેન્દ્ર પ્રધાન અને અન્ય સૌની કામગીરી નિહાળી હતી.